આંક :– ૧૬

सत्यमेव जयते

મળ્યા તારીખ :– ૨૫ / ૦૧ / ૨૦૧૯,
નોંધણી તારીખ :– ૨૫ / ૦૧ / ૨૦૧૯,
ફૈંસલ તારીખ :– ૧૭ / ૦૪ / ૨૦૨૩,

| અવધિ :– | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | ૦૪ | ૦૨ | ૨૩ |

કેશોદના નામદાર એડિશનલ ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજસાહેબની કોર્ટ સમક્ષ,
કેશોદ.

## રેગ્યુલર દિવાની અપીલ નં.૧૦ / ૨૦૧૯.

(૧) ગુજરનાર રવજી ત્રિકમના વારસો :– )
(૧) જીવીબેન રવજીભાઈ વડાલીયા, )
ઉ.વ.આ.૯૦, નિવૃત / ખેતી, ધર્મે હિન્દુ, )
રહે.માતરવાણીયા, તા.માળીયા હાટીના, )
(૨) ધીરીબેન રવજીભાઈ વડાલીયા, )
ઉ.વ.આ.૬૮, ધંધો ઘરકામ / ખેતી, ધર્મે હિન્દુ, )
રહે.હિંસુ પ્લોટ, પ્રાથમિક શાળા પાછળ, )
અજાબ, તા.કેશોદ, જિ.જૂનાગઢ, )
(૩) કાંતિલાલ રવજીભાઈ વડાલીયા, )
ઉ.વ.આ.૬૫, ધંધો ખેતી, ધર્મે હિન્દુ, )
રહે.માતરવાણીયા, તા.માળીયા હાટીના, )
(૪) રમાબેન રવજીભાઈ વડાલીયા, )
ઉ.વ.આ.૫૭, ધંધો ઘરકામ / ખેતી, ધર્મે હિન્દુ, )
રહે.પટેલ સમાજની બાજુમાં, માતરવાણીયા, )
તા.માળીયા હાટીના, )
(૫) હરસુખભાઈ રવજીભાઈ વડાલીયા, )
ઉ.વ.આ.૫૩, ધંધો ખેતી, ધર્મે હિન્દુ, )
રહે.માતરવાણીયા, તા.માળીયા હાટીના, )
(૬) હંસાબેન રવજીભાઈ વડાલીયા, )
ઉ.વ.આ.૫૦, ધંધો ખેતી, ધર્મે હિન્દુ, )
રહે.ઉપરકોટ, આંબળાશ, તા.તાલાળા, )
જિ.ગિર સોમનાથ, )
(૭) સુભાષભાઈ રવજીભાઈ વડાલીયા, )
ઉ.વ.આ.૪૦, ધંધો ખેતી, ધર્મે હિન્દુ, )

રહે.માતરવાણીયા, તા.માળીયા હાટીના, )

(૮) લલિતાબેન રવજીભાઈ વડાલીયા, )
ઉ.વ.આ.૪૫, ધંધો ખેતી, ધર્મે હિન્દુ, )
રહે.બુરી, તા.માણાવદર, જિ.ગિર સોમનાથ, )

(૨) ગુજરનાર ભોવાન ત્રિકમના વારસો :– )

(૧) દેવદાસભાઈ ભોવાનભાઈ વડાલીયા, )
ઉ.વ.આ.૭૨, ધંધો ખેતી, ધર્મે હિન્દુ, )
રહે.માતરવાણીયા, તા.માળીયા હાટીના, )

(૨) લાલજીભાઈ ભોવાનભાઈ વડાલીયા, )
ઉ.વ.આ.૬૯, ધંધો ખેતી, ધર્મે હિન્દુ, )
રહે.માતરવાણીયા, તા.માળીયા હાટીના, )

(૩) જયંતિલાલ ભોવાનભાઈ વડાલીયા, )
ઉ.વ.આ.૬૬, ધંધો ખેતી, ધર્મે હિન્દુ, )
રહે.પંચવટી એપાર્ટમેન્ટ, સફારી પાર્ક, )
મહિલા કોલેજ પાછળ, બ્લોક નં.૫૦૩, )
કેશોદ, જિ.જૂનાગઢ, )

(૪) દુર્ગાબેન ભોવાનભાઈ વડાલીયા, )
ઉ.વ.આ.૫૪, ધંધો ઘરકામ/ખેતી, ધર્મે હિન્દુ, )
રહે.નરોડા, અશ્વમેઘ સોસાયટી, શાલીની )
સ્કુલ પાછળ, બ્લોક નં.સી–૮૧, અમદાવાદ, )

(૫) વિજયાબેન ભોવાનભાઈ વડાલીયા, )
ઉ.વ.આ.૫૨, ધંધો ઘરકામ/ખેતી, ધર્મે હિન્દુ, )
રહે.ઝાંઝરડા રોડ, સત્સંગ એપાર્ટમેન્ટ, )
બ્લોક નં.૩૦૪, જૂનાગઢ, જિ.જૂનાગઢ, )

(૩) પ્રેમીબેન ત્રિકમભાઈ વડાલીયા, )
ઉ.વ.આ.૮૫, ધંધો નિવૃતિ, ધર્મે હિન્દુ, )
રહે.સ્વામિનારાયણ મંદિરની બાજુમાં, ભંડુરી, )
તા.માળીયા હાટીના, જિ.જૂનાગઢ, )

(૪) અમતીબેન ત્રિકમભાઈ વડાલીયા, )
વા./ઓ. આંબાભાઈ હરજીભાઈ લાડાણી, )
ઉ.વ.આ.૮૧, ધંધો નિવૃતિ, ધર્મે હિન્દુ, )
રહે.અમૃતનગર, પાણીના ટાંકા સામે, કેશોદ, )

(૫) ગુજરનાર શામુબેન ત્રિકમના વારસો :– )

(૧) કાંતિલાલ જસમત ભીમાણી, )
ઉ.વ.આ.૬૩, ધંધો હિરા ઘસવાનો, ધર્મે હિન્દુ, )
રહે.કામરેજ, વેલેન્જા, રામવાટીકા સોસાયટી, )
સુરત, )

(૨) મોહનભાઈ જસમત ભીમાણી, )
ઉ.વ.આ.૫૫, ધંધો ખેતી, ધર્મે હિન્દુ, )
રહે.પેટ્રોલ પંપ પાછળ, અજાબ, તા.કેશોદ, )

(૩) રસીલાબેન જસમત ભીમાણી, )

ઉ.વ.આ.૫૨, ધંધો ઘરકામ, ધર્મે હિન્દુ, )
રહે.કેવદ્રા, તા.કેશોદ, જિ.જૂનાગઢ, )
(૪) હરસુખભાઈ જસમત ભીમાણી, )
ઉ.વ.આ.૪૮, ધંધો ખેતી, ધર્મે હિન્દુ, )
રહે.પેટ્રોલ પંપ પાછળ, અજાબ, તા.કેશોદ, )
(૬) ગુજરનાર જસમતભાઈ ભીમાણીના )
પુત્ર વલ્લભભાઈના વારસો :– )
(૧) શાંતાબેન વલ્લભભાઈ ભીમાણી, )
ઉ.વ.આ.૭૦, ધંધો ઘરકામ, ધર્મે હિન્દુ, )
રહે.જુના ગામમાં, કટલેરી બજારની બાજુમાં, )
અજાબ, તા.કેશોદ, જિ.જૂનાગઢ, )
(૨) દિલીપભાઈ વલ્લભભાઈ ભીમાણી, )
ઉ.વ.આ.૩૮, ધંધો ખેતી, ધર્મે હિન્દુ, )
રહે.જુના ગામમાં, કટલેરી બજારની બાજુમાં, )
અજાબ, તા.કેશોદ, જિ.જૂનાગઢ, )
(૩) સોનલબેન વલ્લભભાઈ ભીમાણી, )
ઉ.વ.આ.૩૫, ધંધો ઘરકામ/ખેતી, ધર્મે હિન્દુ, ) એપેલન્ટસ /
રહે.નવાગામ, તા.મેંદરડા, જિ.જૂનાગઢ. . . ) મુળ પ્રતિવાદીઓ

## વિ રૂ ધ્ધ

ગુજરનાર મનજીભાઈ ત્રિકમભાઈના વારસો :– )
(૧) જયંતિલાલ મનજીભાઈ વડાલીયા, )
ઉ.વ.આ.૬૭, ધર્મે હિન્દુ, ધંધો ખેતી, )
રહે.નવા ગડોદર, તા.માળીયા હાટીના, )
(૨) વલ્લભલાલ મનજીભાઈ વડાલીયા, )
ઉ.વ.આ.૪૮, ધર્મે હિન્દુ, ધંધો ખેતી, )
રહે.નવા ગડોદર, તા.માળીયા હાટીના, )
(૩) કાન્તાબેન મનજીભાઈ વડાલીયા, )
ઉ.વ.આ.૬૨, ધર્મે હિન્દુ, ધંધો ઘરકામ, )
રહે.સરદારનગર સોસાયટી, માળીયા હાટીના, )
(૪) ધીરજબેન મનજીભાઈ વડાલીયા, )
ઉ.વ.આ.૫૨, ધર્મે હિન્દુ, ધંધો ઘરકામ, )
રહે.બસ સ્ટેશનની બાજુમાં, હનુમાન મંદિરની બાજુમાં ) રીસ્પોન્ડન્ટસ /
ખોરાસા(ગિર), તા.કેશોદ, જિ.જૂનાગઢ. . . ) મુળ વાદીઓ

| | |
|---|---|
| બાબત :– | માળીયા હાટીનાના નામદાર પ્રિન્સીપાલ સિવિલ જજશ્રીની કોર્ટના રે. દિ. મુ. નં.૫૨/૨૦૧૫ના કામે તા.૧૭/૧૨/૨૦૧૮ના રોજ ફરમાવેલ હુકમ તથા હુકમનામા સામે સી. પી. સી. કલમ ૯૬ મુજબ અપીલ. . . |

એપેલન્ટસ / મુળ પ્રતિવાદીઓ તરફે વિ. વ. શ્રી આર. વી. ભલગરીયા,
રીસ્પોન્ડન્ટસ / મુળ વાદીઓ તરફે વિ. વ. શ્રી એ. એમ. વાવેચા.

—:: ચૂ કા દો ::—

(૧) હાલની અપીલ એપેલન્ટ તરફે હાલની અપીલ માળીયા હાટીનાના પ્રિન્સીપાલ સિવિલ જજશ્રીની કોર્ટના રે. દિ. મુ. નં.પ૨/૨૦૧પના કામમાં તા.૧૭/૧૨/૨૦૧૮ના રોજ આપેલ હુકમ તથા હુકમનામાથી નારાજ થઈ, દાખલ કરેલ છે.

(૨) આ કામના એપેલન્ટસની અપીલની ટુંકમાં હકીકત એવી છે કે, મુળ દાવાના કામે હાલના એપેલન્ટસ પ્રતિવાદીઓ છે, જયારે હાલના રીસ્પોન્ડન્ટસ મુળ વાદીઓ છે, જેથી હાલના કામે તેઓને સરળતા ખાતર પ્રતિવાદીઓ અને વાદીઓ તરીકે સંબોધવામાં આવશે. વાદીઓએ વેરાવળની નામદાર કોર્ટમાં સ્પે. દિ. મુ. નં.૧પ૭/૨૦૦૨થી હાલનો દાવો દાખલ કરેલ, જેમાં પ્રતિવાદઓને નોટિસ/સમન્સ બજી જતા, વાંધા ૨જુ કરેલ, ત્યારબાદ હકુમતમાં ફેરફાર થતા, સદર દાવો ટ્રાન્સફર થઈ, માળીયા હાટીનાની નામદાર કોર્ટમાં આવતા, જેને રે. દિ. મુ. નં.પ૨/૨૦૧પથી ૨જીસ્ટરે લેવામાં આવેલ, સદર કામે વેરાવળની નામદાર કોર્ટે વચગાળાની અરજી મંજુર કરેલી. મુળ દાવાની હકીકત જોતાં, જૂનાગઢ જિલ્લાના માતરવાણીયા ગામે ત્રિકમ નારણ વડાલીયાનું સંયુકત હિન્દુ કુટુંબ આવેલ હતું અને તેઓના નામે માતરવાણીયા ગામે નીચે મુજબની વિગતે ખેતીની જમીન આવેલ હતી.

સર્વે નં. ૯૬/૨ એકર ૧—૨ ગુંઠા,
સર્વે નં. ૧પપ/૨ એકર ૬—૦૧ ગુંઠા,
સર્વે નં. ૨૦ પૈકી. એકર પ—૨૭ ગુંઠા,
સર્વે નં. ૮૩/૨ એકર ૩—૨૭ ગુંઠા,
સર્વે નં. ૮પ એકર ૩—૦૯ ગુંઠા,
સર્વે નં. ૮૬/૧ એકર ૦—૦૨ ગુંઠા,
સર્વે નં. ૧પ૨ એકર ૪—૩૯ ગુંઠા,

———————————

કુલ જમીન એકર ૨૪—૩૭ ગુંઠા જમીન ઉપરાંત માતરવાણીયા ગામે રહેણાંકના જુના મકાનો આવેલ હતા. મજકુર ત્રિકમભાઈ નારણભાઈના સંયુકત હિન્દુ કુટુંબમાં તેના ઉપરાંત ત્રણ પુત્રો

(૧) ભોવાન ત્રિકમ, (૨) મનજી ત્રિકમ તથા (૩) રવજી ત્રિકમ પણ સહ–હિસ્સેદાર હતા, તેમજ ઉપરોકત વિગતે તેમની જમીનો કુલ એકર ૨૪–૩૭ ગુંઠાની જમીન ખેડુત હકકની જમીન હતી અને ઉપર જણાવેલ સંયુકત કુટુંબ વતિ ગુજરનાર ત્રિકમભાઈ નારણભાઈ ધારણ કરતા હતા અને દરેક પ્રકારે આ મિલ્કત તેના સંયુકત કુટુંબની મિલકત તરીકે ગણવામાં આવેલ છે. ત્રિકમભાઈ નારણભાઈનું સને ૧૯૬૨ના અરસામાં અવસાન થયેલ, તેમજ તેમના ઉપર લખ્યા પુત્રો પૈકી મનજી ત્રિકમનું સને–૧૯૬૬માં અવસાન થયેલ છે તથા ભોવાન ત્રિકમ પણ સને ૨૦૦૧માં અવસાન પામેલ છે, તેમજ વાદી નં.૨ થી ૫ ના દાદી મા તેમજ ત્રિકમ નારણના વિધવા પત્ની ઓતમબેન ત્રિકમનું પણ સને ૧૯૮૨–૮૩ના અરસામાં અવસાન થયેલ છે તથા રવજી ત્રિકમ (પ્રતિવાદીનં.૧) ના હૈયાત છે. ગુજરનાર મનજી ત્રિકમના વાદી નં.૧ ના વિધવા તથા વાદી નં.૨ થી ૫ ના તથા પ્રતિવાદી નં. ૩ ના સંતાનો તેમજ વારસો છે, તેમજ ગુજરનાર ભોવાન ત્રિકમના પ્રતિવાદી નં.૨(૧) થી ૨(૬)ના વારસો છે, તેમજ પ્રતિવાદી નં.૩ ના વાદી નં.૧ ના પુત્ર તથા નં.૨ થી ૫ ના ભાઈ થાય છે. ઉપરોકત ખેતીની જમીનો તથા જુના મકાનો ઉપરાંત કેશોદ ગામે સંયુકત હિન્દુ કુટુંબની મિલકતની કમાણીમાંથી રૂા.૩૦,૦૦૦/– ના રહેણાંકના બ્લોક ખરીદેલ છે તથા માતરવાણીયા ગામે ૧૪ વિઘા જેટલી ખેતીની જમીન ખરીદેલ છે, પરંતુ તે જમીન ખરીદયા અંગેનો આધાર કે વિગત વાદીઓને જાણવા મળેલ નથી. ત્રિકમ નારણની હૈયાતીમાં કે તેના અવસાન બાદ કે ત્રિકમ નારણના પત્ની ઓતમબેન ત્રિકમના અવસાન બાદ સંયુકત હિન્દુ કુટુંબની મિલ્કતના ભાગ પડેલ નથી કે વિભાજન થયેલ નથી, જેથી વાદીઓ તથા પ્રતિવાદી નં.૩ ના ગુજરનાર મનજી ત્રિકમના કાયદેસરના સીધીલીટીના વારસદારો હોય, તે ઉપરોકત મિલકતમાંથી હિન્દુ કાયદા પ્રમાણે વાદીઓનો ૧/૩ હિસ્સો થાય છે. ત્રિકમ નારણના અવસાન વખતે વાદી નં.૧ ના પતિ તથા ૨ થી ૫ ના પિતાશ્રી મનજી ત્રિકમ ઉપરોકત સંયુકત કુટુંબની મિલકતના કો–પાર્સનર હતા, જેથી દાવાવાળી મિલ્કતમાં તેઓનો તથા વાદીઓનો તથા પ્રતિવાદી નં.૩ નાનો ૧/૩ અવિભાજીત હિસ્સો કાયદા મુજબ રહેલ હોવા છતાં, પ્રતિવાદી નં.૧ તથા પ્રતિવાદી નં.૨(૧) થી ૨(૬) નાએ ગુજરનાર ભોવાન ત્રિકમે અત્યાર સુધી કોઈ હિસ્સો કે ભાગ આપેલ નથી કે કોઈ મિલકત આપેલ નથી. માત્ર ઉપજમાંથી કયારેક કયારેક ખાવા માટે થોડુ અનાજ તથા કપડા લેવા થોડી રકમ પ્રતિવાદી નં.૧ તથા ગુજરનાર ભોવાન ત્રિકમના દિકરાઓ આપે છે. પ્રતિવાદી નં.૧ તથા ગુજરનાર ભોવાન ત્રિકમ અને તેના દિકરાઓ વાદી નં.૧ ના ગુજરનાર પતિ મનજી ત્રિકમ સાથે વર્તન વ્યવહાર સારા ન કરતા હોવાથી મનજી ત્રિકમ વાદીના નજીકના સગા જયા રહેતા હતા, તે ગળોદર ગામે રહેવા ગયેલ હતા અને ત્યાં મહેનત મજુરીથી કમાણી કરતા હતા અને તે સ્વ–કમાણીમાંથી વાદીઓનું કુટુંબ ગળોદર

ગામે સ્થાયી થયેલ છે. વાદીઓ ખેતીનો ધંધો કરે છે, તેમજ પ્રતિવાદીઓ દાવાવાળી સંયુકત કુટુંબની ખેતીની માતરવાણીયા ગામે આવેલ જમીનમાંથી કમાણી મેળવે છે તથા મકાનોનો ઉપયોગ ઉપભોગ પ્રતિવાદી નં.૧ તથા પ્રતિવાદી નં.૨(૨) થી ૨(૪) ના કરે છે. ઉપરોકત વિગતે પ્રતિવાદીઓના ભોગવટાના તથા દેખરેખમાં જે મિલ્કતો છે તે વાદીઓના ગુજરનાર પિતાશ્રી મનજી ત્રિકમના સંયુકત કુટુંબની મજીયારી અને કો–પાર્સનરી મિલકતો છે, તેમજ આ મજીયારી મિલકતો હોવા છતાં, પ્રતિવાદી નં. ૧ તથા ૨(૨) થી ૨(૪) તેમનો મન પડે તેમ ઉપયોગ કરે છે, તેમજ વાદીઓ હિસાબ કે ભાગ માંગે તો ઉડાવ જવાબ આપે છે અને ભાગ આપવાની ના પાડે છે. પ્રતિવાદી નં. ૧ તથા પ્રતિવાદી નં.૨(૨) થી ૨(૪) નાએ ત્રિકમ નારણના અવસાન બાદ રેવન્યુ રેકર્ડમાં ગેરકાયદેસર રીતે તેઓના તથા તેમના કુટુંબના સભ્યોના નામ દાખલ કરાવી દીધેલ છે તથા અમુક મિલકતનું વાદીઓને જાણ કર્યા વગર જ વેંચાણ કરી નાખેલ છે તેવું વાદીઓને થોડા સમય પહેલા જાણવા મળેલ છે, જેથી જરૂર પડયે રેવન્યુ એન્ટ્રીઓ તથા ગેરકાયદેસરના થયેલ વેચાણો રદ્ કરવા હકક કાયમ રાખે છે. ઉપરોકત ખેતીની મિલકતો ખુબ જ કિંમતી છે અને વાર્ષિક મોટી ઉપજ થાય છે, તે ઉપરાંત સંયુકત કુટુંબના ખેત ઓજારો, ઢોર, બળદ તથા ઘર વપરાશની વસ્તુઓ સંયુકત કુટુંબની મિલકત તરીકે આવેલ છે, તે તમામમાંથી ઉપર જણાવેલ કારણ સબબ વાદીઓ દાવાવાળી મિલકતમાંથી તેમનો હિસ્સો જુદો કરાવી, તેનો પ્રત્યક્ષ કબજો મેળવવા માંગે છે અને તેમ કરવા કાયદા મુજબ હકકદાર છે. પ્રતિવાદી નં.૩ ના વાદી નં.૧ ના પુત્ર તથા વાદી નં.૨ થી ૫ ના સગા ભાઈ થાય છે, પરંતુ તેને અન્ય પ્રતિવાદીઓ સાથે સારા સબંધો તથા મેળાપ હોવાને કારણે હાલના દાવામાં પ્રતિવાદી નં.૩ હરસુખ મનજીભાઈ વાદીઓ સાથે રહેલ નથી, તેમજ તેઓ આડકતરી રીતે અન્ય પ્રતિવાદીઓને મદદ કરી રહયા છે, જેથી હાલના દાવામાં તે જરૂરી પક્ષકાર હોવાથી તેને પ્રતિવાદી નં.૩ તરીકે જોડેલ છે. થોડા સમય પહેલા વાદીઓએ દાવાવાળી સંયુકત મિલકતમાંથી તેમનો હિસ્સો જુદો કરી, સોંપવા માટે પ્રતિવાદી નં.૧ તથા ૨(૧) થી ૨(૬) નાને વાત કરતા, તેઓએ ઉડાવ જવાબ આપેલ અને મિલકતના ભાગ બાબતની ચર્ચા તેઓના વતિ તેમની સાથે પ્રતિવાદી નં.૨(૪) ના હવે પછી કરશે તેમ જણાવેલ, જેથી વાદીઓ વતિ વાદી નં.૨ ના પ્રતિવાદી નં.૨(૪) નાને તા.૧૬/૬/૨૦૦૨ના રોજ મળેલ, ત્યારે તેઓએ ભાગ આપવાનો સ્પષ્ટ ઈન્કાર કરેલ અને 'મિલકતો અમારા તથા અમારા કુટુંબીઓના નામે કરાવી લીધેલ છે, જેથી હવે તમારૂ કંઈ ન આવે અને તમારે જયાં જવુ હોય ત્યાં જાવ' તેમ કહેલ, જેથી દાવો લાવી, દાવા અરજીમાં તથા શેડયુલ–એ તથા બી માં જણાવેલ સંયુકત હિન્દુ કુટુંબની મજીયારી મિલકતમાં તેમજ તે સિવાય કોઈ સંયુકત કુટુંબની મિલકતની કમાણીમાંથી અસ્તિત્વમાં આવેલ કોઈ મિલકત હોય તો તે તમામ

મિલકતોમાં ગુજરનાર મનજી ત્રિકમનો અને તેના વારસદારોનો ૧/૩ હિસ્સો અલગ કાયદા મુજબ જે કાંઈપણ હીસ્સો હોય તે જુદો પડાવીને તેનો કબજો, ભોગવટો વાદીઓને સોંપી આપવા હુકમનામુ કરી આપવા તથા દાવાવાળી મિલકતમાંથી વાદીઓના હિસ્સાની મિલકતનો પ્રત્યક્ષ કબજો તથા ભોગવટો વાદીઓને સોંપી આપવામાં આવે, ત્યાં સુધીની દરમ્યાન ઉપજ અપાવવા તથા કાયદા મુજબ મળી શકતી અન્ય તમામ દાદ અપાવવા તથા દાવાનું ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી અપાવવા અરજ કરેલ છે. સદર દાવાનો પ્રતિવાદીઓને સમન્સ/નોટિસની બજવણી થતા, પ્રતિવાદીઓ તેમના વિ. વ. શ્રી હાજર થયેલ અને પ્રતિવાદી નં. ૧, ૨(૧) થી ૨(૬) તથા પ્રતિવાદી નં.૧(૧) થી (૮) નાઓએ જવાબ રજુ કરી, જણાવેલ છે કે, વાદીઓનો દાવો તદ્દન ખોટો, શુધ્ધ બુધ્ધિ વગરનો અને પ્રતિવાદીઓને હેરાન કરવા માટે કરેલ હોય, વાદીઓનો દાવો તથા દાદનો ઈન્કાર કરેલ છે. વાદીઓના દાવાને સ્પષ્ટ રીતે મુદ્દતનો બાધ નડે છે, જેથી રદ કરવા અરજ કરેલ છે. વાદીઓના દાવાને ડીલે અને લેચીઝના સિધ્ધાંતનો બાધ નડે છે. વાદીઓએ દાવામાં ખરી હકીકતો છુપાવી છે, વાદી કલીન હેન્ડ આવેલ નથી. વાદીઓના પિતાશ્રી માતરવાણીયા ગામે આવેલ સીમના જમીન તથા મકાનોમાં તેનો ભાગ મળી ગયેલ છે. સંયુકત હિન્દુ કુટુંબની મજીયારી મિલકતોના ભાગ પડી ગયા છે, હવે માતરવાણીયા ગામે આવેલ મિલકતોમાં વાદીઓનો કોઈ હકક હિસ્સો રહેતો નથી, જેથી દાવો રદ્ કરવા અરજ કરેલ છે. વાદીઓ અને પ્રતિવાદી નં.૩ સગા ભાઈઓ છે, તેમના વચ્ચે કોલ્યુઝન થયેલ છે. પ્રતિવાદીઓ અને પ્રતિવાદી નં.૩ વચ્ચે કોઈ કોલ્યુઝન થયેલ નથી કે વાદીઓ અને પ્રતિવાદી નં.૩ સાથે તેઓને કોઈ કૌટુંબીક વહેવાર નથી એટલે પ્રતિવાદી નં.૩ અને તેઓની વચ્ચે કોઈ કોલ્યુઝન થયુ નથી. તા.૨૬/૩/૧૯૬૪ ના રોજ વાદીઓના ગુજરનાર પિતાશ્રી મનજી ત્રિકમે માતરવાણીયા, ગ્રામ પંચાયતના સરપંચશ્રી રૂબરૂ હાજર થઈને કબુલાત આપેલ છે કે, "જે મારા પિતાશ્રીની મિલ્કત જમીન એ.૨૪–૩૫ ગું. આવેલ છે તે જમીનમાંથી હું મારો પોતાનો હિસ્સો ઉઠાવી લઉ છું, મારા હિસ્સાની જમીન મને માળીયા (હાટીના) તાલુકાના ગળોદર ગામની અંદર મારો હિસ્સો મને મળી ગયેલ છે. માટે માતરવાણીયા ગામની અંદર મારા પિતાશ્રીની મિલ્કતમાંથી મારો હિસ્સો ઉઠાવી લઉ છું" આવી સ્પષ્ટ કબુલાત લખી આપી, સરપંચશ્રીના અને વાદીઓના પિતાશ્રીની સહીઓ છે. ૩૦ વર્ષ ઉપરાંતનો સરકારી રેકર્ડમાં દસ્તાવેજ છે. આ દસ્તાવેજના સમર્થનમાં તે વખતના સરપંચશ્રીએ સોગંદનામું આપી, સમર્થન કરેલ છે, જે રીતે દસ્તાવેજ કે તેના વિગતો વાદીઓના દાવાની વિગતો વિરૂધ્ધની સાબિત થાય છે તે રીતે વાદીઓને તેમનો હિસ્સો મળી ગયો હોય, વાદીઓનો દાવો રદ્ કરવા અરજ કરેલ છે. વાદીઓના દાવાને પક્ષકારો ન જોડવાનો બાધ નડે છે. વાદીઓની ચાર ફઈઓ છે, જેને ઈરાદાપુર્વક

પક્ષકાર તરીકે ન જોડીને કાયદાનો ભંગ કરેલ છે. કેશોદમાં અંકુર સોસાયટીમાં આવેલ બ્લોક નં. ૧૦ પ્રતિવાદી નં. ૨(૪) ના સ્વતંત્ર કમાણીથી બનાવેલ મિલ્કત છે, સંયુકત કુટુંબની મિલ્કતમાંથી કોઈ મિલ્કત પ્રતિવાદી નં.૨(૪) નાએ વસાવેલ નથી, જેથી પણ દાવો રદ્ કરવા અરજ કરેલ છે. વાદીઓએ દાવામાં અપુરતી કોર્ટ ફી રજુ કરેલ છે, મકાન તથા ખેતરની બજાર ભાવ પ્રમાણે કોર્ટ ફી રજુ કરેલ નથી. વાદીઓના પિતાશ્રી અને પ્રતિવાદી નં.૧ તથા ૨(૬) ના પિતાશ્રી વચ્ચે ત્રિકમ નારણના ખાતાની મિલકતોના ભાગ પડી ગયા છે, સરકારી રેકર્ડમાં તેઓના ખાતાની જમીનો જુદી જુદી બોલે છે, જે રદ્ કરાવવા વાદીઓએ રેવન્યુ ખાતામાં કોઈ અરજ અહેવાલ કરેલ નથી કે અપીલ કરેલ નથી. લેન્ડ રેવન્યુ કોડ સ્પેશ્યલ રેવન્યુ કાયદો છે, જયાં સ્પેશ્યલ કાયદો હોય, ત્યાં જનરલ એપ્લાઈ ન થઈ શકે, નામ રદ્ કરવાનો નામદાર કોર્ટને કોઈ હકક કે અધિકાર નથી, જેથી પણ દાવો રદ્ કરવા અરજ કરેલ છે. માળીયા તાલુકાના ગળોદર ગામે આવેલ ખેતીની જમીન અને મકાન ગુજરનાર મનજી ત્રિકમના નામે લેવામાં આવેલઘ આ મિલકતો સંયુકત હિન્દુ કુટુંબની મજીયારી મિલકતોમાંથી વેંચાણ રાખેલ અને તે જ મિલકતો ભાઈઓ ભાગની વહેંચણીમાં ગુજરનાર મનજી ત્રિકમના ભાગે આવેલ છે, જેથી માતરવાણીયાની કોઈ મિલકતમાં હાલના વાદીઓનો કોઈ હકક હિસ્સો નથી. માતરવાણીયા ગામે આવેલ ખેતીની જમીન તથા મકાનો અને ખેતીના સાધનોના ભાગ ગુજરનાર મનજી ત્રિકમની હાજરીમાં પડી ગયેલ છે. મનજી ત્રિકમને ગળોદર રહેવા જવું હોય અને ત્યાં સસરાના પાડોશમાં રહેવું હોય, માતરવાણીયાની મિલકતમાંથી તેનો હકક હિસ્સો ઉઠાવી લેતા ગળોદર ગામે આવેલ મિલકતો સંયુકત કુટુંબની મિલકતોમાંથી વેંચાણ રાખી, તે ભાગ ગુજરનાર મનજી ત્રિકમને ભાગે આવેલ છે. વાદીઓ ગળોદરની મિલકતોમાંથી તેનું ગુજરાન ચલાવે છે તેમ જણાવી, વાદીઓનો દાવો રદ્ કરી, દાવાનું ખર્ચ વાદીઓ પાસેથી અપાવવા અરજ ગુજારેલ છે.

ઉપરોકત હકીકતો ધ્યાને લઈ, નામદાર નીચેની અદાલતે વાદીઓનો દાવો અંશતઃ મંજુર કરેલ હોય, જેથી નારાજ થઈ, હાલની અપીલ લાવેલ છે.

એપેલન્ટસની અપીલના કારણોની ટુંકમાં હકીકત એવી છે કે, નામદાર નીચેની અદાલતે ચૂકાદામાં મુદ્દા નં.૧ અને નં.૩ હકારમાં તથા મુદ્દા નં.૨ અને નં.૯ અંશતઃ હકારમાં, મુદ્દા નં.૪ થી નં.૮ નકારમાં તથા મુદ્દા નં.૧૦ આખરી હુકમ મુજબ ફરમાવવામાં ગંભીર ભુલ કરેલ છે. નામદાર નીચેની અદાલતે કાયદાની મહત્વની હકીકતો ધ્યાને લીધેલ નથી, તેમજ વાંધા જવાબની હકીકતો પણ ધ્યાને લીધેલ નથી, કાયદાની સમીક્ષા કર્યા સિવાય કરેલ હુકમ રદ્ થવા પાત્ર છે, દાવો સમય મર્યાદા બહારનો હોય, રદ્ થવા પાત્ર હોય, તેમ છતાં, કરેલ હુકમમાં ગંભીર ભુલ કરેલ છે. મુળ વાદીઓના પિતાશ્રી મનજી ત્રિકમે સને ૧૯૬૪માં તેઓનો હકક હિસ્સો ઉઠાવી લીધેલ

છે અને તે અંગેનું લખાણ આંક ૧૪૫થી રજુ થયેલ છે, જે ધ્યાને નહી લઈ, હુકમમાં ગંભીર ભુલ કરેલ હોય, હુકમ રદ્ થવા પાત્ર છે. વાદીઓએ મુળ દાવામાં ૧/૩ હિસ્સો મેળવવા દાખલ કરેલો, જયારે નામદાર નીચેની કોર્ટે સુઓમોટો પાવર્સ વાપરી ૧/૪ હિસ્સો આપેલ હોય, સુઓમોટો પાવર વાપરવાનો નામદાર નીચેની કોર્ટને કોઈ હકક કે અધિકાર ન હોવા છતાં, આવો હુકમ કરી, ગંભીર ભુલ કરેલ હોય, દાવો રદ્ થવા પાત્ર છે. વાદીની થયેલ ઉલટ તપાસ ધ્યાને નહી લઈ, નામદાર નીચેની અદાલતે કરેલ હુકમ રદ્ થવા પાત્ર છે. દાવો રદ્ થવાથી મુળ વાદીઓને કોઈ નુકશાન જાય તેમ નથી, કારણ કે, તેઓને તેમના હિસ્સાની જમીન મળી ગયેલ છે, જે હકીકત તેઓએ ઉલટ તપાસમાં સ્વીકારેલ છે, જયારે દાવો મંજુર થવાથી તેઓના હિસ્સાનીની જમીનમાં વાદીઓને ફરી પાછો હિસ્સો મળે, જેથી તેઓને નાણામાં ન ભરપાઈ થઈ શકે તેવું ભારે નુકશાન થઈ જાય તેમ છે, જે હકીકત ધ્યાને નહી લઈ, નામદાર નીચેની અદાલતે કરેલ હુકમમાં ગંભીર ભુલ કરેલ છે. વધુમાં ત્રિકમ નારણના કુલ છ વારસદારો હોવા છતાં, માત્ર ત્રણ વારસદારોને જોડેલ છે, તે હકીકત ધ્યાને નહી લઈ, મુળ વાદીઓએ ૧/૪ હિસ્સો આપવાના કરેલ હુકમમાં ગંભીર ભુલ કરેલ છે. આમ, નામદાર નીચેની કોર્ટે સ્પષ્ટ રીતે વાદીઓને ગોળ અને પ્રતિવાદીઓને ખોળ જેવી પરિસ્થિતિનું નિમાર્ણ  કરેલ છે તેમ જણાવી, નામદાર નીચેની અદાલતના રે. દિ. મુ. નં.૫૨/૨૦૧૫ના કામે તા.૧૭/૧૨/૨૦૧૮ના રોજ ફરમાવેલ હુકમ તથા હુકમનામું રદ્ કરવા અરજ ગુજારેલ છે.

(૩) આ કામના એપેલન્ટસે હાલની અપીલના કામે આંક ૩ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી નીચેની અદાલતના રે. દિ. મુ.નં.૫૨/૨૦૧૫ના કામની મુળ અરજી તથા હુકમ તથા હુકમનામાની ખરી નકલ રજુ કરેલ છે. આ અપીલના કામે નીચેની અદાલતના રે. દિ. મુ. નં.૫૨/૨૦૧૫ના કામનું અસલ તમામ રેકર્ડ મંગાવવામાં આવેલ છે.

(૪) આ કામના રીસ્પોન્ડન્ટસને નોટિસની બજવણી થતા, તેઓ તેમના વિ. વ. શ્રી એ. એમ. વાવેચા મારફત હાજર થયેલ છે.

(૫) ત્યારબાદ આ કામે એપેલન્ટસ તરફે વિ. વ. શ્રી આર. વી. ભલગરીયાની આંક ૧૫ તથા રીસ્પોન્ડન્ટસ તરફે વિ. વ. શ્રી એ. એમ. વાવેચાની આંક ૧૦ની લેખિત દલીલો વંચાણે લીધી તથા નીચેની અદાલતનું રેકર્ડ વંચાણે લીધું.

(૬) હાલની અપીલની વિગતો, નીચેની કોર્ટમાં દાખલ કરેલ રે. દિ. મુ. નં.૫૨/૨૦૧૫ના કામનું અસલ રેકર્ડ તથા સદરહું કામે થયેલ હુકમ ધ્યાને લેતાં, આ અપીલના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું એપેલન્ટસની હાલની અપીલ ગ્રાહય રાખવાપાત્ર છે?

(૨) શું હુકમ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

**–:: કા ર ણો ::–**

**મુદ્દા નં.૧ તથા ર :–**

(૮) મારી સમક્ષના કેસની હકીકતે આ કામના રીસ્પોન્ડન્ટસ / મુળ વાદીઓએ હાલના એપેલન્ટસ / મુળ પ્રતિવાદીઓ વિરૂધ્ધ નામદાર પ્રિન્સીપાલ સિવિલ જજશ્રી, માળીયા હાટીનાની કોર્ટમાં સંયુકત હિન્દુ કુટુંબની વડિલોપાર્જિત મજીયારી મિલકતમાંથી પાર્ટીશન કરી, હિસ્સો અપાવવા દાખલ કરેલ, જે કામે તા.૧૭/૧૨/૨૦૧૮ના રોજ વાદીઓનો દાવો અંશતઃ મંજુર કરવામાં આવેલ છે અને વાદીઓને માતરવાણીયા ગામે આવેલ ખેતીની જમીન સર્વે નં.૯૬/૨ એકર ૧–૧૨ ગુંઠા, સર્વે નં.૧૫૫/૨ એકર ૬–૦૧ ગુંઠા, સર્વે નં.૨૦ પૈકી એકર ૫–૨૭ ગુંઠા, સર્વે નં.૮૩/૨ એકર ૩–૨૭ ગુંઠા, સર્વે નં.૮૫ એકર ૩–૦૯ ગુંઠા, સર્વે નં.૮૬/૧ એકર ૦–૦૨ ગુંઠા, સર્વે નં.૧૫૨ એકર ૪–૩૯ ગુંઠા મળી, કુલ જમીન એકર ૨૪–૩૭ ગુંઠા જમીન આવેલમાં ગુજરનાર મનજી ત્રિકમનો ૧/૪ હિસ્સો હોવાનું ઠરાવી આપવામાં હુકમ કરવામાં આવેલ છે.

(૯) ઉપરોકત હુકમ તથા હુકમનામાથી નારાજ થઈ એપેલન્ટસે અત્રેની કોર્ટમાં હાલની અપીલ ગુજારેલ છે, જેના અનુસંધાને મુળ રે. દિ. મુ. નં.૫૨/૨૦૧૫ના દાવાના કામનું અસલ તમામ રેકર્ડ અત્રે મંગાવવામાં આવેલ છે. જે વંચાણે લેતાં, નામદાર નીચેની અદાલતે બંને પક્ષો તરફે રજુ થયેલ દાવા અરજી, વાંધા જવાબ તથા મૌખિક અને દસ્તાવેજી પુરાવા આધારે નીચે મુજબના મુદ્દા કાઢેલ છે.

આંક ૫૬થી કાઢેલ મુદ્દા ઓ :–

(૧) શું વાદીઓ સાબિત કરે છે કે, તેઓ ગુજરનાર મનજી ત્રિકમના કાયદેસરના વારસદારો છે?

(૨) શું વાદીઓ પુરવાર કરે છે કે, વાદવાળી મિલકતોમાં કે તેની કમાણીમાં ગુજરનાર મનજી ત્રિકમનો અને તેના વારસદારોનો ૧/૩ હિસ્સો થાય છે?

(૩) શું વાદીઓ પુરવાર કરે છે કે, દાવાવાળી મિલ્કતોમાં તેના થતા હિસ્સા મુજબની મિલકતનો પ્રત્યક્ષ કબજો, ભોગવટો મેળવવા વાદીઓ હકકદાર છે?

(૪) શું પ્રતિવાદીઓ સાબિત કરે છે કે, વાદીઓના દાવાને મુદ્તનો તેમજ ડીલે અને લેચીઝનો બાદ નડે છે?

(૫) શું પ્રતિવાદીઓ સાબિત કરે છે કે, વાદીઓએ પ્રતિવાદી નં.૩ સાથે મિલાપીપણામાં દાવો કરેલ છે?

(૬) શું પ્રતિવાદીઓ સાબિત કરે છે કે, વાદીઓએ દાવામાં જરૂરી પક્ષકારો જોડેલ નથી?

(૭) શું પ્રતિવાદીઓ સાબિત કરે છે કે, ગુજરનાર મનજી ત્રિકમે દાવાવાળી અમુક મિલકતોમાંથી પોતાનો હિસ્સો ઉઠાવી લીધેલ છે?

(૮) શું પ્રતિવાદીઓ સાબિત કરે છે કે, આ દાવો ચલાવવા આ અદાલતને હકુમત નથી?

(૯) શું વાદીઓ માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

(૧૦) શું હુકમ અને હુકમનામું?

ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં. ૧ હકારમાં,

મુદ્દા નં. ૨ અંશતઃ હકારમાં,

મુદ્દા નં. ૩ હકારમાં,

મુદ્દા નં. ૪ નકારમાં,

મુદ્દા નં. ૫ નકારમાં,

મુદ્દા નં. ૬ નકારમાં,

મુદ્દા નં. ૭ નકારમાં,

મુદ્દા નં. ૮ નકારમાં,

મુદ્દા નં. ૯ અંશતઃ હકારમાં,

મુદ્દા નં. ૧૦ આખરી હુકમ મુજબ.

આંક ૭૪થી કાઢેલ મુદ્દા ઓ :–

(૧) શું વાદી સાબિત કરે છે કે, વાદગ્રસ્ત દાવાવાળી મિલ્કત વડીલોપાર્જીત અને અવિભાજય છે?

(૨) શું વાદી સાબિત કરે છે કે, વાદગ્રસ્ત મિલ્કતમાં તેમનો કાયદેસર ૧/૩ હિસ્સો રહેલ છે?

(૩) શું પ્રતિવાદી સાબિત કરે છે કે, વાદીના પિતાએ વાદગ્રસ્ત મિલકતમાંથી હિસ્સો જતો કરેલ છે?

(૪) શું વાદી દાવામાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

(૫) શું હુકમ તથા હુકમનામુ ?

ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં. ૧ હકારમાં,

મુદ્દા નં. ૨ અંશતઃ હકારમાં,

મુદ્દા નં. ૩ નકારમાં,

મુદ્દા નં. ૪ અંશતઃ હકારમાં,

મુદ્દા નં. ૫ આખરી હુકમ મુજબ.

આમ, ઉપરોકત મુદ્દાઓ અન્વયે નામદાર નીચેની અદાલતે વાદીઓ તરફે જયંતિભાઈ મનજીભાઈ વડાલીયાનું પુરાવાનું સોગંદનામું આંક ૧૧૯ તથા આંક ૧૨૨ થી આંક ૧૨૮ સુધીનો દસ્તાવેજી પુરાવો અને પ્રતિવાદીઓ તરફે કાંતિલાલ રવજીભાઈ વડાલીયાનું પુરાવાનું સોગંદનામું આંક ૧૩૭ તથા આંક ૧૪૩થી આંક ૧૪૭ સુધીનો દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે, જે બંને પક્ષના મૌખિક અને દસ્તાવેજી પુરાવા આધારે વાદીઓ ગુજરનાર મનજી ત્રિકમના કાયદેસરના વારસો હોવાનું, વાદવાળી મિલકત વડિલોપાર્જિત અને અવિભાજય હોવાનું અને સદર વાદગ્રસ્ત મિલકતના કોઈ ભાગ

પાડવામાં આવેલ હોવાનું પુરવાર થતું ન હોય, તેમજ દાવાવાળી મિલકતમાં ગુજરનાર મનજી ત્રિકમનો અને તેના વારસદારોનો ૧/૪ હિસ્સો રહેલ હોવાનું, તેમજ વાદીઓના પિતાએ વાદગ્રસ્ત મિલકતમાંથી પોતાનો હિસ્સો જતો કરેલ હોવાની હકીકત પુરવાર થતી ન હોય, તેમજ વાદીઓના દાવાને કોઈ મુદ્દત, ડીલે અને લેચીઝનો બાધ્ય નડતો ન હોય, તેમજ વાદીઓએ પ્રતિવાદી નં.૩ સાથે કોલ્યુઝન કરેલાની હકીકત પણ પુરવાર થતી ન હોય, તેમજ રેકર્ડ જોતાં, વાદીઓએ દાવામાં જરૂરી પક્ષકારો જોડેલા હોય, તેમજ ગુજરનાર મનજી ત્રિકમે દાવાવાળી અમુક મિલકતોમાંથી પોતાનો હિસ્સો ઉઠાવી લીધેલ હોવાની હકીકત પુરવાર થતી ન હોય, તેમજ નામદાર કોર્ટને વાદીઓનો દાવો ચલાવવા હકુમત હોય, જેથી નામદાર નીચેની અદાલતે વાદીઓ દાવામાં માંગેલ દાદ અંશતઃ મંજુર થવા પાત્ર હોય, વાદીઓનો વાદગ્રસ્ત મિલકતમાં ૧/૪ હિસ્સો આપવાનું ઠરાવેલ છે, તે રેકર્ડ આધારે યોગ્ય અને વ્યાજબી રીતે ઠરાવેલ છે.

(૧૦) વધુમાં એપેલન્ટસ તરફે આંક ૧૪૫થી રજુ થયેલ હિસ્સો ઉઠાવી લેવાની કબુલાત ઉપર આધાર રાખેલ છે, પરંતુ સદરી આંક ૧૪૫વાળી કબુલાત અસલ છે કે કેમ? તે અંગે નામદાર નીચેની અદાલતમાં એપેલન્ટસ કાંતિભાઈ રવજીભાઈ વડારીયાની ઉલટ તપાસમાં તેઓ એ હકીકત કહી શકે નહી કે, આંક ૧૪૫વાળું અસલ કબુલાતનામું કોની પાસે છે, આંક ૧૪૫વાળા કબુલાતનામામાં હસ્તાક્ષર કોના છે, આંક ૧૪૫વાળો દસ્તાવેજ અસલ છે કે નહી, જેથી પણ આંક ૧૪૫વાળી મનજી ત્રિકમની કબુલાત અંગે સ્પષ્ટ પુરાવો રેકર્ડ પર આવતો નથી. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, ત્રિકમ નારણ અને તેના દિકરાઓએ ત્રિકમભાઈના અવસાન સુધી દાવાવાળી મિલકતનો કોઈ ભાગ પાડેલ ન હતો, તેમજ ત્રિકમ નારણ ગુજરી ગયા બાદ તેઓની વારસાઈ નોંધમાં આંક ૧૪૫વાળા દસ્તાવેજની નોંધ નથી, જેથી પણ મનજી ત્રિકમે પોતાનો હિસ્સો જતો કરેલ હોવાની હકીકત રેકર્ડ પર આવતી નથી. આમ, ઉપરોકત હકીકત જોતાં પણ મનજી ત્રિકમે વડિલોપાર્જિત આવેલ મિલકતમાંથી પોતાનો હિસ્સો ઉઠાવી લીધેલ હોવાની હકીકત નિઃશંકપણે હાલના એપેલન્ટસ લાવી શકેલ નથી.

(૧૧) આમ, ઉપરોકત તમામ હકીકતો તેમજ ઉપરોકત તમામ ચર્ચા કર્યા મુજબ નામદાર નીચેની અદાલતે તેઓના ચૂકાદામાં કરેલ ચર્ચા મુજબ વાદીઓનો દાવો અંશતઃ

મંજુર કરી, માતરવાણીયા ગામે આવેલ ખેતીની જમીન સર્વે નં.૯૬/૨ એકર ૧–૧૨ ગુંઠા, સર્વે નં.૧૫૫/૨ એકર ૬–૦૧ ગુંઠા, સર્વે નં.૨૦ પૈકી એકર ૫–૨૭ ગુંઠા, સર્વે નં.૮૩/૨ એકર ૩–૨૭ ગુંઠા, સર્વે નં.૮૫ એકર ૩–૦૯ ગુંઠા, સર્વે નં.૮૬/૧ એકર ૦–૦૨ ગુંઠા, સર્વે નં.૧૫૨ એકર ૪–૩૯ ગુંઠા મળી, કુલ જમીન એકર ૨૪–૩૭ ગુંઠા જમીનમાં ગુજરનાર મનજી ત્રિકમનો ૧/૪ હિસ્સો હોવાનું ઠરાવેલ હોય, તેમાં હકીકત તથા કાયદાની ભુલ થયેલ હોવાનું જણાઈ આવતું ન હોય, જેથી હાથ પરના ચૂકાદામાં હસ્તક્ષેપ કરવો જરૂરી બનતો ન હોય, મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપી, મુદ્દા નં.૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## –: : આ ખ રી હુ ક મ : :–

(૧) એપેલન્ટસની હાલની રેગ્યુલર દિવાની અપીલ આથી નામંજુર કરવામાં આવે છે.

(૨) માળીયા હાટીનાના પ્રિન્સીપાલ સિવિલ જજશ્રીએ રે. દિ. મુ. નં.પ૨/૨૦૧૫ના કામમાં તા.૧૭/૧૨/૨૦૧૮ના રોજ આપેલ હુકમ તથા હુકમનામું આથી કાયમ કરવામાં આવે છે.

(૩) પક્ષકારોએ પોત પોતાનું ખર્ચ જાતે ભોગવવું.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

(૫) આ હુકમની ખરી નકલ ટ્રાયલ કોર્ટને મોકલવી અને તેનું અસલ રેકર્ડ પરત કરવું.

આ હુકમ આજ તારીખ સત્તરમી માહે એપ્રિલ, સને ૨૦૨૩ના રોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મુ.કેશોદ,

તા.૧૭ / ૦૪ / ૨૦૨૩.

( મિલન ગિરીશચંદ્ર દવે )
એડિશનલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ,
કેશોદ.
જીજે૦૦૫૨૨.